**માન. અધ્યક્ષશ્રી,**

- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે **કુલ-૬૧૯૩ કરોડ**ની ચાલુ વર્ષે જોગવાઈ કરવામાં આવી છે.
- માન.મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા શ્રીમતી ભાનુબેન બાબરીયાનો ખુબ ખુબ આભાર..

**માન. અધ્યક્ષશ્રી,**

અગાઉની સરકારે ૧૯૯૫ પહેલા અનુસુચિત જાતિના બહેનો માટે કોઈ સુવિધા ન હતી અને અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી બહોનોને પાયલોટ શિખવા માટે ૨૫ લાખ ૪ ટકાના વ્યાજે લોન આપવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ જવા માટે ૧૫ લાખ રૂપિયાની સહાય વિદેશ અભ્યાસ માટે ૪ ટકાના વ્યાજે લોન આપવામાં આવે છે. અને ૧૦૦૦ વિદ્યાર્થીઓ વિદેશમાં આ લોન થકી અભ્યાસ કરે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

ભારત સરકારે અનુસુચિત જાતિના લાભાર્થીઓ માટે વર્ષ-૨૦૨૨-૨૩ થી સબસીડી કે જે રૂપિયા ૧૦ હજાર હતી તેમાં વધારો કરીને રૂપિયા ૫૦ હજાર સુધી વધારો કરવામાં આવેલ છે.ભારત સરકારે અનુસુચિત જાતિના નિગમને વર્ષ-૨૦૨૩-૨૪ માટે રૂપિયા ૧૫ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે

**માન. અધ્યક્ષશ્રી,**

અનુસુચિત જાતિના ખેડુતો માટે ટ્રેકટર  માટે ૭.૫ લાખ ની લોન ૫ ટકાના વ્યાજે લોન આપવામાં આવે છે. અને ઓટોરીક્ષા  માટે ૩.૫ લાખ ની લોન ૫ ટકાના વ્યાજે લોન આપવામાં આવે છે. તેમાથી સબસીડી પેટે રૂપિયા ૫૦ હજાર સહાય આપવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

ધોરણ ૧ થી ૮ ના ભણતા વિદ્યાર્થીઓને ગણવેશ માટેના ચાલુ વર્ષે ૩૪૫ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. અને તેઓની આવક મર્યાદા શિવાય ગણવેશ આપવામાં આવે છે. અને ધોરણ ૯ થી ૧૨ ધોરણ માટે એસ.ટી. બસમાં મફત મુસાફરી કરવામાં આવે છે. અને ૨ થી ૩ કીલોમીટરનું અંતર હોઈ તેવા વિદ્યાર્થીઓને સાયકલ આપવામાં આવે છે. જેથી વિદ્યાર્થી સારી રીતે ભણી શકે.

**માન. અધ્યક્ષશ્રી,**

અનુસુચિત જાતિના ખેડુતોને વિજ જોડાણ માટે વર્ષ-૧૯૯૩માં  ખેતીના વિજળી જોડાણ ૫૦ હોર્સ પાવરના માટે પૈસા ભરવા પડતા હતા. અને મારા ગામ નગરાસણમાં જય મેડલી પીયત સહકારી મંડળી બનાવેલ તે માટે વીજ જોડાણ માટે રૂપિયા ૮૭ હજાર રૂપિયા ભરીને વીજ જોડાણ મેળવેલ હતુ.

**માન. અધ્યક્ષશ્રી,**

અનુસુચિત જાતિ માટેના ભારતીય જનતા પાર્ટીની અમારી સરકારે વીજ જોડાણ માટે ૫૦ હોર્સ પાવર માટે રૂપિયા ૮૮૭૦ માં વીજ જોડાણ માટે ડીપોઝિટ લેવામાં આવે છે. હાલ ૫ હોર્સ પાવરનું કનેકશન લેવું હોય તો ૧૩૫૫ની વીજ કનેકશન મળે છે. અગાઉ વીજ જોડાણ ૬ તી ૮ મહિનાની વેઈટીંગમાં રહેવું પડતુ હતુ. જ્યારે અમારી સરકારે ૧૫ દિવસમાં વીજ જોડાણ મળી રહે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

અનુસુચિત જાતિના મહિલાઓને વનીકરણ નર્સરી માટે ૧૦ હજારથી માંડી ૩.૫ લાખ સુધી નર્સરી બનાવવા માટે સખીમંડળ અને લાભાર્થીઓને સહાય આપવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

અનુસુચિત જાતિના ખેડુતભાઈઓને ખેતરમાં ખેતી કરવા માટે પાણીની પાઈપલાઈન માટે લોનના ૭૫ ટકા ખેડુતોને સબસીડી આપવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

અનુસુચિત જાતિના લાભાર્થીઓ માટે અગાઉની સરકાર પેટ્રોલપંપ બનાવવા માટે કોઈ વર્ષ–૨૦૧૩માં કોઈ આવી જોગવાઈ ના હતી. જ્યારે અમારી સરકાર આવ્યા પછી વર્ષ–૨૦૧૪ પછી અનુસુચિત જાતિના લાભાર્થીઓને પેટ્રોલપંપ બનાવવા માટે અનામત ટકાવારી મુજબ પેટ્રોલપંપ આપવા માટેની જોગવાઈ કરવામાં આવેલ છે.

**માન. અદ્યક્ષશ્રી,**

મારા મત વિસ્તાર કડી શહેરમાં અગાઉની સરકારે સીમેન્ટના થાંભલા તેમજ તાર નાખેલ તેથી ઉતરાણ ઉપર ઘણાં  પક્ષીઓ સોટના કારણે મૃત્યુ થતા હતા. જ્યારે અમારી સરકાર આવ્યા પછી વર્ષ ૨૦૨૨–૨૩ માં જોગવાઈ કરી ૧૦૯ કરોડ ફાળવવામાં આવેલ અને ટેન્ડર  કામગીરી હાલ ચાલુ છે. તે બદલ આદરણીય દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનો તેમજ માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા નાણાં અને ઉર્જા મંત્રીશ્રીનો ખુબ ખુબ આભાર.....